C.C.No.109/2026.

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૧/૦૩/૨૦૨૬. |
| નોંધ્યા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬. |
| ફેંસલ તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ . |
| વ્યતિત સમય | ૦૦વર્ષ,૦૧માસ, ૧૦ દિવસ. |

**વીંછિયાનાં મહે.શ્રી જ્યુડિશિયલ  મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**

**મુકામઃ વીંછિયા.**

**ફોજદારી કેસ  નંબરઃ–૧૦૯/૨૦૨૬**
**આંકઃ–**

| | |
|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર |

**–– વિરૂધ્ધ ––**

| | |
|---|---|
| **આરોપીઓ** | **રૂખડભાઇ પોલાભાઇ કળોતરા**<br>ઉ.વ.૩૩, રહે.નિનામા તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર |

| |
|---|
| **ગુન્હો– ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૮૫ મુજબ.** |

| | |
|---|---|
| **સરકાર પક્ષે** | સરકારી વકીલશ્રીઃ **શ્રીમતી કે.એમ.ચૌધરી** |
| **બચાવ પક્ષે** | વિદ્વાન વકીલ શ્રીઃ **બી.આર.રાઠોડ** |

**//જજમેન્ટ//**

**કેસની ટૂંકી હકીકત :**

**C.C.No.**109/2026.

**(૦૧)** **ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે,** આ કામના આરોપીએ તા. ૧૬/૦૨/૨૦૨૬ ના સવારના ૧૯.૩૦ થી ૨૦.૨૦ વાગ્યે જાહેર રોડ ઉપર ટ્રાફિક તથા રાહદારી માણસોને અડચણરૂપ થાય તે રીતે પોતાની અશોક લેલન ડંફર જેના આર.ટી.ઓ. રજી.નં. જી.જે.૦૩.સી.યુ.૫૪૫૪ પોતાનુ વાહન આડેધડ રસ્તા ઉપર રાખી મળી આવતા ગુનો કરી આરોપી વિધ્ધ ચાર્જશીટ કરવા પુરતા પુરાવા હોય, પડેલ પુરાવાના આધારે ગુન્હો **બી.એન.એસ. કલમ–૨૮૫** હેઠળ તહોમતદાર વિરુદ્ધ ઈનસાફ થવા સારું હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**<u>ન્યાયિક કાર્યવાહી:</u>**

**(૦૨)** આરોપી જામીન મુકત થયેલ હોય આરોપી સામે સમન્સ કાઢતા આરોપી ઠરાવ તારીખે વિ.વ.શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં **ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૨૩૦** અન્વયે પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક–૦૩ સુધીની આરોપીની ગુના સંબંધેની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુનાનો ઈનકાર કરતાં, આરોપી સામે ગુનાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૦૩)** આ કામના આરોપી સામેનો ગુનો પ્રસ્થાપિત કરવા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષે રજૂ કરેલ છે.

**ફરિયાદ પક્ષે રજૂ કરેલ મૌખિક પુરાવા:**

| અ.નં. | પુરાવાનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧) | પંચ સાહેદ વિપુલભાઇ માધાભાઇ રાજપરાની જુબાની | ૦૫ |
| ૨) | પંચ સાહેદ મુકેશભાઇ દેવજીભાઇ તાવિયાની જુબાની | ૦૭ |
| ૩) | ત.ક.અ.ટિંકલકુમારી શિંગાભાઇ વસાવાની જુબાની | ૦૮ |

**ફરિયાદ પક્ષે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા:**

| **અ.નં.** | **પુરાવાનુ વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧) | ફરિયાદ | ૦૯ |
| ૨) | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૦૬ |
| ૩) | ડેપ્યુટ હુકમ | ૧૦ |

**(૦૪)** આ કેસમાં મહત્ત્વના સાક્ષીઓ તપાસાયા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયાનું જાહેર થયા બાદ આરોપીનું **ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ-૩૫૧** અન્વયે વિશેષ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતાની સામે ખોટો કેસ કરેલ હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવી છોડી મુકવા રજૂઆત કરી છે. આરોપીઓએ બચાવનાં સાહેદો તપાસેલા નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી.

**(૦૫)** ત્યારબાદ સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

**(૦૬)** ઉપરોકત કેસની હકીકતો, સંજોગો અને રજૂ કરવામાં આવેલ પુરાવાઓ તેમજ વિ.વ.શ્રીઓ ની રજૂઆતો ધ્યાને લેતાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**-// મુદ્દા //-**

**(૧)** શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૬/૦૨/૨૦૨૬ ના સવારના ૧૯.૩૦ થી ૨૦.૨૦ વાગ્યે જાહેર રોડ ઉપર ટ્રાફિક તથા રાહદારી માણસોને અડચણરૂપ થાય તે રીતે પોતાની અશોક લેલન ડંફર જેના આર.ટી.ઓ. રજી.નં. જી.જે.૦૩.સી.યુ.૫૪૫૪ પોતાનુ વાહન આડેધડ રસ્તા ઉપર રાખી મળી આવતા **ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૮૫** મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ?

**(૦૭)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**-// કારણો //-**

**મુદ્દા નં.૧:**

**(૦૮)** ઉપરોક્ત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી હકીકતોનું પુનરાવર્તન અટકાવવા તેની એક સાથે ચર્ચા /પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે છે.

આ કામના આરોપી સામે **ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૮૫** મુજબના ગુનાના આક્ષેપ છે. સદરહુ આક્ષેપિત ગુનાના આવશ્યક તત્ત્વો નીચે મુજબ છે.

**ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ-૨૮૫ ના આવશ્યક તત્ત્વોઃ-**

૧. આરોપીએ કોઈ કૃત્ય કર્યું અથવા પોતાના કબજા માહેની અથવા હવાલાની મિલકતની વ્યવસ્થા ન કરી,

૨. તે કારણે આરોપીએ જાહેર માર્ગ અથવા વહાણવટાના માર્ગમાં કોઈ વ્યક્તિ માટે ભય ઊભો કર્યો અથવા અંતરાય ઊભો કર્યો અથવા હાની પહોંચાડી.

ઉપરોકત આવશ્યક તત્વો ધ્યાને રાખી સદર કામે આરોપીઓ વિરુધ્ધનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે છે.

(૯) **ફરિયાદપક્ષે પંચ સાહેદ વિપુલભાઈ માધાભાઈ રાજપરાનાઓને આંકઃ૦૫ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,** આજથી એકાદ મહીના પહેલા વીંછીયા પોલીસે અમોને વીંછીયા પો.સ્ટે. એ બોલાવેલ અને ત્યા એક લખેલા કાગળમા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલી.તે સીવાય હુ બીજુ કઈ જાણતો નથી.

મને કોર્ટ રેકર્ડમાથી સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલ બતાવવામા આવે છે. જેમા મારી પંચ નં. ૧ તરીકે સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને પુરાવામા રજુ દાખલ **આંક ૦૬** આપવામા આવે છે.

**(૯.૧) સદર સાહેદ ફરીયાદપક્ષ ને સમર્થન કરતા ન હોય ત્યારબાદ વી.એ.પી.પી.શ્રીનાઓએ હાલના સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ પણ કોઇ ફળદાયી હકીકત જણાઇ શકેલ નથી**

**(૯.૨) સદર સાહેદના આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકત જણાવે છે કે,** અમોએ તૈયાર પંચનામામા સહી કરેલીઈ એ વાત ખરી છે કે અમારી હાજરીમા પોલીસે કોઈ પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથીઈ

**(૧૦) ફરિયાદપક્ષે પંચ સાહેદ મુકેશભાઈ દેવજીભાઈ તાવિયાનાઓને આંકઃ૦૭ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,** આજથી એકાદ મહીના પહેલા વીંછીયા પોલીસે અમોને વીંછીયા પો.સ્ટે. એ બોલાવેલ અને ત્યા એક લખેલા કાગળમા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલી.તે સીવાય હુ બીજુ કઈ જાણતો નથી. મને કોર્ટ રેકર્ડમાથી સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલ બતાવવામા આવે છે. જેમા મારી પંચ નં. ૨ તરીકે સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને પુરાવામા રજુ દાખલ **આંક ૦૬** આપવામા આવે છે.

**(૧૦.૧) સદર સાહેદ ફરીયાદપક્ષ ને સમર્થન કરતા ન હોય ત્યારબાદ વી.એ.પી.પી.શ્રીનાઓએ હાલના સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ પણ કોઇ ફળદાયી હકીકત જણાઇ શકેલ નથી**

**C.C.No.**109/2026.

**(૧૦.૨) સદર સાહેદના આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકત જણાવે છે કે,** અમોએ તૈયાર પંચનામામા સહી કરેલી. એ વાત ખરી છે કે અમારી હાજરીમા પોલીસે કોઈ પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી.

**(૧૧) ફરિયાદપક્ષે ત.ક.અ.ટિંકલકુમારી શિંગાભાઇ વસાવાનાઓને આંકઃ૦૮ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,** તા. ૧૬/૦૨/૨૬ ના રોજ અમો વિંછીયા પો.સ્ટે. મા એ.એસ.આઈ. તરીકે મારી ફરજ પર હતા ત્યારે અમો તથા સાથેના પો. કોન્સ. સુરેશભાઈ પુંજાભાઈ કરમટા એમ અમોબંને પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા-ફરતા વીંછીયા-ઓરી રોડ જુના બસ સ્ટેશન પાસે આવતા એક અશોક લેલન્ડ ડમ્પર આવતાં-જતાં વાહનો તથા રાહદારીઓ ને અડચણરૂપ હોય તેમ રાખેલ હોય જેથી સાથેનાં બે રાહદારી પંચો બોલાવી પંચો રૂબરૂ ઈસમનુ નામ-ઠામ પુછતા પોતે પોતાનુ નામ રૂખડભાઈ પોલાભાઈ કળોતરા રહે. નીનામા તા. સાયલા જી. સુરેન્દ્રનગર હોવાનુ જણાવેલ. ત્યારબાદ ઈસમ પાસે રહેલ અશોક લેલન્ડ ડમ્પર જેના રજી. નં. જી. જે. ૦૩ સી.યુ. ૫૪૫૪ વાળી ગાડી કબ્જે કરેલ નથી. ત્યારબાદ ઈસમ વિરૂધ્ધ બી.એન.એસ. કલમ-૨૮૫ મુજબ સાથેના પો.કોન્સ. સુરેશભાઈ પુંજાભાઈ કરમટાનાઓએ ફરીયાદ આપેલ. જે અસલ ફરીયાદ આજરોજ રજુ કરુ છુ જેમા અમારા સાથી કર્મચારી સુરેશભાઈ પુંજાભાઈ કરમટાનાઓની સહિ છે જે હું ઓળખી બતાવુ છુ જેને પુરાવામા રજુ દાખલ આંક ૦૯ આપવામા આવે છે. ત્યારબાદ પી.એસ.ઓ. દવારા તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લીધેલ જે તપાસનો અસલ ડેપ્યુટ હુકમ હુ આજરોજ રજુ કરુ છુ જેને પુરાવામા રજુ દાખલ આંક ૧૦ આપવામા આવે છે. ત્યારબાદ તપાસના કામે અમોએ રૂબરૂ પંચોના લખાવ્યા મુજબ પંચનામુ લખી લઇ પંચોની સહી કરાવી ત્યારબાદ અમોએ સહી કરેલ. જે સદર કામે આંક ૦૬ થી રજુ છે. આમ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય ચાર્જશીટ કરી નામ. કોર્ટમાં રજુ કરેલ.

આરોપીને જોયેથી ઓળખી છુ. જે આજરોજ નામ. કોર્ટમા હાજર નથી. આરોપીની ઓળખ અંગેની તકરાર બચાવ પક્ષે જતી કરવામા આવેલ છે.

**(૧૧.૧) સદર સાહેદના આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકત જણાવે છે કે,** એ વાત ખરી છે કે બનાવ વાળો વિસ્તાર વીંછીયા–ઓરી રોડ છે અને જુના બસ સ્ટેન્ડ તરીકે ઓળખાય છે અને ઘણા બધા વાહનો પડેલા હોય અને અવર–જવર થતી હોય છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ફ્રુટની લારીઓ અને ઘણી બધી દુકાનો આવેલી છે. એ વાત ખરી છે કે કોઈપણ વાહનમા ટેકનીકલ ઈસ્યુ આવવાને કારણે અથવા વાહનમાં પેટ્રોલ ખુંટી જવાના કારણે વાહન જે–તે સ્થિતીમા ઉભુ રહી જાય છે. એ વાત ખરી છે કે કહેવાતુ વાહન ટ્રાફીકને અડચણરૂપ ઉભુ હોય તેવો કોઈ ફોટોગ્રાફસ પાડેલ નથી.એ વાત ખરી છે કે આ ગાડી નડતરરૂપ છે તેવી કોઈ વ્યકિતએ અમોને ફરીયાદ કરેલી નહી. એ વાત ખરી છે કે મે ફરીયાદીએ ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ ગાડી કેટલા સમયથી ત્યા ઉભી હતી તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે આ કામે મે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે અમોને અમારી ઉપરી અધિકારીની સુચના મુજબ ટ્રાફીક ડ્રાઈવના કેસ બતાવવાના હોય જેથી હાલની ખોટી ફરીયાદને સમર્થન કરવા સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

**(૧૨) ઉપરોક્ત ચર્ચા કરેલ સાહેદની જુબાની તથા રેકોર્ડ પરના પુરાવા જોતા,** ત.ક.અ.ની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો એવું જણાવે છે કે, પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન જાહેર રોડ ઉપર આવતા અશોક લેલન ડમ્પર આવતા જતાં વાહનો રાહદારીઓને અડચણરૂપ હોય તેમ રાખેલ હોય જેથી તેઓએ પંચો રૂબરૂ આરોપીની નામઠામ પુછેલ જે

સંદર્ભમાં **આંક–૦૫ અને ૦૭ થી** પંચ સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓ ફરીયાદપક્ષ ને સમર્થન કરતા ન હોય ત્યારબાદ વી.એ.પી.પી.શ્રીનાઓએ હાલના સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ પણ કોઇ ફળદાયી હકીકત જણાઇ શકેલ નથી જેથી એવું ફલિત થાય છે કે, આરોપીની ગાડી આવતા જતા વાહનોને તથા રાહદારીઓને અડચણરૂપ હોય તે બાબતે પંચો કશું જાણતા નથી. જેથી સદર પંચ સાહેદની જુબાની વિશ્વસનીય જણાઇ આવતી નથી. આમ, સાહેદની જુબાની જોતા બનાવવાળો વિસ્તાર જાહેર રસ્તો હોય અને માણસોની અવરજવર થતી હોવા છતાં આ કામે ફરીયાદીપક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી અને તપાસવામાં પણ આવેલાં નથી તેમજ ફોર વ્હીલ ગાડી આર.સી. બુક પણ આ કામે રજુ કરેલ નથી. આમ, આ કામના આરોપીએ જાહેર રોડ ઉપર ટ્રાફિક તથા રાહદારીવાળા માણસોને અડચણરૂપ થાય તે રીતે પોતાનું વાહન રાખેલ હોય તે ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરવા તદન નિષ્ફળ ગયેલ છે. વધુમાં **માનસિંગ મુળુભાઇ કાઠી દરબાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત(૨૦૧૨ જે.એક્સ.ગુજરાત ૨૩૮)** માં નામાદાર ગુજ.હાઇકોર્ટ પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઇ પંચ સાહેદો ફરિયાદીના કેસમાં સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર મુદ્દામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતા હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતોમાં વિરોધાભાસ જણાતો હોય તો આરોપીઓને શંકાનો લાભ આપી શકાય. જેથી આ કામે જે સાહેદનો પુરાવો રજૂ થયેલ જે પોલીસ સાહેદ છે અને પોલીસ સાહેદના પુરાવાને જ્યાં સુધી તટસ્થ સાહેદોના પુરાવાથી સમર્થન ન હોય ત્યાં સુધી તેના પુરાવા પર આધાર રાખી શકાય નહિ અને આ કામે પંચ સાહેદો ફરિયાદ પક્ષને સમર્થન કરતાં ન હોય જે હકીકત ધ્યાને લેતાં પર પોલીસ સાહેદના પુરાવાને તટસ્થ સાહેદના પુરાવાથી સમર્થન મળેલ ન હોય . જેથી આ કામે તપાસવામા આવેલ મહત્વના સાહેદોનો મૌખિક પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદીપક્ષના કેસ સામે શંકા

ફલિત થાય છે અને જ્યારે ઓછામાં ઓછી શંકા ફલિત થાય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ આ એક પ્રસ્થાપિત સિદ્ધાંત છે. જેથી **આંક–૦૯** માં જણાવેલ ફરીયાદની હકીકતો પુરવાર થતી નથી. જેથી **ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૮૫** મુજબના આવશ્યક તત્વો ફરીયાદપક્ષ ધ્વારા પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે.

**(૧૩)** વધુમાં ક્રિમિનલ જયુરીસપ્રુડન્સ મુજબ તેમજ **ભારતીય સાક્ષી અધિનિયમ ની કલમ–૧૦૪** મુજબ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને ફરિયાદપક્ષે તેમની હકીકતો પોતાના વિશ્વાસપાત્ર અને સજ્જડ પુરાવાથી આરોપી સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આમ રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી અને મૌખિક પુરાવાનુ તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેશષણ કરતા આ કામે ભોગ બનનાર ફરીયાદી છે તેઓની જુબાનીથી આરોપીઓ વિરૂધ્ધનુ કોઇ ગુનાહિત કૃત્ય પુરવાર થતુ નથી આરોપીએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય કર્યાની હકીકત પુરવાર થયાનું માની લેવું અતિશ્યોકિતભર્યું તેમજ કાયદાની વિરૂધ્ધનું તેમજ ભારતીય પુરાવા અધિનિયમના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનું ગણાશે તેવું હું નમ્રપણે માનું છું. જેથી આ કામના આરોપી વિરુધ્ધ **ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૮૫** મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ. આમ, ઉપરોક્ત ચર્ચા કરેલ કારણોસર ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે તેમ ગણી શકાય નહીં. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**C.C.No.** 109/2026.

## –ઃ આખરી હુકમ ઃ–

(૧) આથી આ કામના આરોપી **રૂખડભાઈ પોલાભાઈ કળોતરા** ઉ.વ.૩૩, રહે.નિનામા તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર નાઓને **બી.એન.એસ.એસ–૨૦૨૩ની કલમ–૨૭૮(૧)** અન્વયે **ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૮૫** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેછે.

( ૨ ) આ કામના આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ **બી.એન.એસ.એસ–૨૦૨૩ ની કલમ–૪૮૧ ની જોગવાઈ અનુસાર અંકે રૂ.૧૦ ,૦૦૦/– (અંકે રૂા. દસ હજાર પુરા)** ના જામીન તથા તેટલી રકમના જાતમુચરકો આપવા.

(૩) **આરોપી આજરોજ કોર્ટ સમક્ષ હાજર નથી** પરંતુ આરોપીના વિ.વકીલશ્રી દ્વારા હાજરી મુક્તિનો રીપોર્ટ આપેલ છે અને હાલના કેસમાં આરોપીને નિર્દોષ ઠરાવવામાં આવેલ હોય જેથી ચુકાદો જાહેર કરવામાં વિલંભ ટાળવા સારૂ હાલનો ચુકાદો બી.એન.એસ.એસ ૨૦૨૩ ની કલમ–૩૯૪ અન્વયે આરોપીની ગેર હાજરીમાં જાહેર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ૨૧મી, માહેઃએપ્રીલ, સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળઃ વિંછીયા.**
**તારીખઃ૨૧/૦૪/૨૦૨૬**

**(એસ.એન.મોદી)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ જયુડિશિયલ**
**મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**વીંછિયા–કોડ નં.જી.જે.૦૧૬૮૨**